પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૦૯ | ૨૦ જાન્યુઆરી, ૨૦૨૧, બુધવાર; પોષ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

જય હો : ઓસી સામે ભારતનો ઐતિહાસિક વિજય

૩૩ વર્ષ બાદ ગાબાના મેદાનમાં ભારતના ખેલાડીઓએ તિરંગો લહેરાવ્યો : ગાબામાં કાંગારૂઓ પરાસ્તઃ ભારતે ઐતિહાસિક વિજય સાથે ટેસ્ટ સિરિઝ ૨-૧થી જીતી

ઓસ્ટ્રેલિયાના ૩૨૮ રનના ટાર્ગેટને ભારતે ૭ વિકેટ ગુમાવી ચેઝ કર્યો, શુભમન ગિલ ૯૧, પૂજારા ૫૬ અને પંત ૮૯ નોટઆઉટ ફટકાર્યા : ભારત પોઈન્ટ ટેબલમાં પણ પ્રથમ સ્થાને પહોંચ્યુ : બ્રિસ્બેનમાં અત્યાર સુધીના ઇતિહાસમાં ભારતે સૌથી મોટો સફળ રનચેઝ કર્યો, ભારતે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતવાની હેટ્રિક લગાવી : ગિલ-પૂજારા-પંત બન્યા ભારતની જીતના હીરો, ઓસ્ટ્રેલિયાના બોલરો નિષ્ફળ રહ્યા, બીજી ઇનિંગ્સમાં કમિન્સે ૪ વિકેટ ઝડપી : રિષભ પંત મેન ઓફ ધ મેચ તો કમિન્સ મેન ઓફ ધ સિરિઝ

બ્રિસબેન, તા. ૧૯

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બ્રિસબેનના ગાબ્બા મેદાન પર રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટેસ્ટની અંતિમ મેચ ભારે રસાકસી જોવા મળી. આ મેચમાં ભારતીય ઈનિંગ્સની ૩૩ રનની લીડના આધારે ભારતને ૩૨૮ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેમાં ભારતીય બેટ્સમેનોએ દિગ્ગજ ખેલાડીઓની ગેરહાજરીમાં જ પ્રશંસનીય પ્રદર્શન કરતા ૭ વિકેટ ગુમાવીને ૩૨૯ રન બનાવ્યા હતા. આ સાથે જ સીરિઝમાં ૨-૧થી ભારતે કબજો કરી લીધો છે.

બ્રિસબેનના મેદાન પર છેલ્લા ૩૩ વર્ષોથી ટીમની સફળતા પર ખૂબ ખુશ છીએ. તેમની ઉર્જા અને જૂનુન સમગ્ર રમત દરમિયાન દેખાઈ રહ્યાં હતા. તેમનો દ્રઢ ઈરાદો, ઉલ્લેખનીય ધૈર્ય અને દ્રઢ સંકલ્પ પણ જોવા મળ્યો. ટીમને

ટીમે ૩ વિકેટે ઐતિહાસિક જીત મેળવીને ઓસ્ટ્રેલિયાના ઘર આંગણે જ ધૂળ ચટાડી દીધી છે. ઓસ્ટ્રેલિયન ટીમે બીજી ઈનિંગ્સમાં ૨૯૪ તથા પહેલી શુભકામનાઓ! તમને ભવિષ્યના પ્રયાસો માટે શુભકામનાઓ. ભારતીય ટીમની આ ઐતિહાસિક જીત પર બીસીસીઆઈએ સમગ્ર ટીમને બોનસમાં ૫ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. આ જાહેરાત બીસીસીઆઈના સેક્રેટરી જય શાહે ટ્વીટ કરીને કરી હતી. તેમણે લખ્યું હતું, બીસીસીઆઈએ ટીમ બોનસ તરીકે રૂપિયા ૫ કરોડની જાહેરાત કરે છે. આ ભારતીય ક્રિકેટ માટે ખાસ પળો છે. ગાબામાં ભારતીય ટીમ દ્વારા ખૂબ જ અદભૂત રમત દર્શાવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

બ્રિસબેન પર પૂજારા યોધ્ધાની જેમ ટકી રહ્યો

ચેતેશ્વરને અનેક વખત બોલ વાગ્યો છતાં મેદાન ન છોડ્યું : કોમેન્ટ્રી બોક્સમાંથી પૂર્વ ક્રિકેટર સંજય માંજરેકરે ચેતેશ્વર પૂજારાને બ્રેવરી એવોર્ડ આપવા માટેની ભલામણ કરી

બ્રિસબેન, તા. ૧૯

ભારતીય ટીમનું મુખ્ય ખેલાડીઓની ગેરહાજરીમાં ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સીરિઝમાં પ્રદર્શન ખૂબ જ પ્રશંસનીય રહ્યું છે. સિડની ટેસ્ટમાં ધૈર્ય, વીરતા અને કાઉન્ટર એટેકનું પ્રદર્શન ટીમ ઈન્ડિયાએ કર્યું, તેની એક ઝલક બ્રિસબેન સેસ્ટમાં પણ જોવા મળી રહી છે. ગાબા ટેસ્ટના પાંચમા અને નિર્ણાયક દિવસે પુજારાએ જાણો પોતાને દિવાલ બનાવી લીધી હોય તેમ ક્રીઝ પર ટકી રહ્યો છે. એવામાં તેની તુલના હવે રાહુલ દ્રવિડ સાથે કરવામાં આવે છે. પરંતુ ગાબા ટેસ્ટમાં ચેતેશ્વરની બેટિંગ બિલકુલ અલગ અંદાજમાં જોવા મળી. પેટ કમિન્સના બાઉન્સર અને શોર્ટ પિચ બોલે તેને ડરાવ્યો, ધમકાવ્યો પરંતુ ચેતેશ્વર પરેશાન ન થયો. શરીર પર બોલ વાગવા સાથે પૂજારાનો આત્મવિશ્વાસ અને પ્રતિબદ્ધતા વધારે મજબૂત થતી ગઈ. એક રિપોર્ટ મુજબ આ સંપૂર્ણ સીરિઝ દરમિયાન ભારતીય બેટ્સમેનોને ૩૨થી વધુ વખત શરીર પર બોલ વાગ્યો છે. જો ગણતરી કરવામાં આવે તો ઓસ્ટ્રેલિયાના બોલર્સે પાંચમા દિવસના ટી-સેશન સુધી ચેતેશ્વર પુજારાના શરીર પર સાત વખત બોલથી વાર કર્યો. પરંતુ આ સ્ટ્રેટર્જી પુજારાના મનોબળને હલાવી શકી નહીં. પુજારા દરેક ઈજા બાદ શોર્ટ મિડ ઓન તરફ ચાલવા લાગતો અને ફરીથી પાછો ક્રીઝ પર ફરતો.

મારા જીવનની સૌથી મોટી સિદ્ધિ, ડ્રીમ સિરિઝ : પંત

રિષભ પંત ટીમ ઈન્ડિયાનો વિજયનો કર્ણધાર બન્યો : વિકેટકીપર બેટસમેને ૧૩૮ બોલમાં ૮૯ રનની યાદગાર ઈનિંગ્સ રમી ભારતને ઐતિહાસિક જીતની ભેટ ધરી હતી

બ્રિસબન, તા. ૧૯

રિષભ પંતના શોટ સિલેક્શન પર હંમેશા સવાલ ઉઠતા રહ્યા હતા. પંતે તેમાં થોડો સુધારો પણ કર્યો. પરંતુ, પોતાની સ્ટાઈલ ન બદલી. બોલ પર એટેક કરવો તેની ખૂબી છે, તેની સ્ટાઈલ છે અને તેની તાકાત છે. પંતે તેને જાળવી રાખી. આ આદતે ભારતને ઈતિહાસ રચવામાં મદદ કરી. પંતે બતાવી દીધું કે, તે આક્રમણ કરવાનું બંધ નહીં કરે. આક્રમણ જે ઓસ્ટ્રેલિયાની ઓળખ છે, તેને તેના જ અંદાજમાં ગાબા સ્ટેડિયમમાં હરાવી ભારતે ઈતિહાસ રચી દીધો. બ્રિસબનમાં ભારત સાત મેચ રમ્યું છે, તેમાં પહેલી વખત જીત મેળવી છે. તો, ઓસ્ટ્રેલિયાને ૩૨ વર્ષમાં પહેલી વખત આ મેદાન પર હારનો સામનો કરવો પડ્યો છે. ભારતની આ જીતની પટકથા લખવામાં યંગ ઈન્ડિયાના સ્ટાર શુભમન ગિલ અને રિષભ પંતની મહત્વની ભૂમિકા રહી છે.

ઓસ્ટ્રેલિયા સામે ચોથી અને છેલ્લી ટેસ્ટમાં ૧૩૮ બોલમાં ૮૯ રનની યાદગાર ઈનિંગ્સ રમી ભારતને જીત અપાવનારા પંતે મેચ પછી કહ્યું કે, આ મારા જીવનની સૌથી મોટી સિદ્ધિ છે. મારા માટે ડ્રીમ સીરિઝ છે .પહેલી મેચ ન રમ્યા બાદ અમે ઘણી મહેનત કરી. ટીમ મેનેજમેન્ટ મારો હંમેશા સપોર્ટ કરે છે.

ચીન કેટલાક સમયથી સીમા ક્ષેત્રો પર નિર્માણ કાર્ય કરે છે

ચીને અરૂણાચલમાં ગામ વિકસાવ્યાના મુદ્દે સ્પષ્ટતા : ચીનની પ્રવૃત્તી સામે લોકલ કનેક્ટિવિટી સુધારવા દિલ્હીએ પણ બોર્ડર પાસે રોડ-બ્રિજ બનાયા હોવાનું સરકારનું નિવેદન

નવી દિલ્હી, તા. ૧૯

ભારતમાં ચીન દ્વારા કન્સ્ટ્રક્શન એક્ટિવિટી થઈ રહી હોવાની સેટેલાઈટ તસવીરોના રિપોર્ટ પર પ્રતિક્રિયા આપતાં, સરકારે કહ્યું બીજિંગ છેલ્લા કેટલાક વર્ષોથી સીમા ક્ષેત્રોની સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર કન્સ્ટ્રક્શનનું નિર્માણ કરી રહ્યું છે અને લોકલ કનેક્ટિવિટી સુધારવા માટે દિલ્હીએ પણ બોર્ડર પાસે રોડ અને બ્રિજ બનાવ્યા છે.

અમેરિકાની ઈમેજિંગ કંપની પ્લેનેટ લેબ્સ દ્વારા અપાયેલી તસવીરોના આધારે સામે આવેલા રિપોર્ટ્સ પર વિદેશ મંત્રાલયે આ ટિપ્પણી કરી હતી. રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે, અરુણાચલ પ્રદેશના ઉપરી સુબનસિરી જિલ્લામાં ત્સારી ચૂ નદીના કિનારે ૧૦૧ ઘર ધરાવતું ગામ વસાવવામાં આવ્યું હતું.

ઓગસ્ટ ૨૦૧૯ સુધીમાં ત્યાં કોઈ બાંધકામ નહોતું. ગામની જે તસવીરો છે તે નવેમ્બર ૨૦૨૦માં લીધી હોવાનું માનવામાં આવી રહ્યું છે. અમે ભારત સાથેના સરહદી વિસ્તારોમાં ચીન દ્વારા કન્સ્ટ્રક્શન કામ કરવા અંગેના હાલના રિપોર્ટ્સ જોયા છે. ચીને છેલ્લા ઘણા વર્ષોમાં આ પ્રકારની કન્સ્ટ્રક્શન એક્ટિવિટી હાથ ધરી છે, તેમ વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું.

દેશમાં સાડા ચાર લાખને વેક્સિન અપાઈ

દેશમાં કોરોના રસીકરણનું અભિયાન તેજ બન્યું : દેશમાં માત્ર ૦.૧૮ ટકા લોકોને રસી લાગ્યા બાદ સાઇડ ઇફેક્ટ અને ૦.૦૦૨ ટકા લોકોને હોસ્પિટલમાં ખસેડાયા

નવી દિલ્હી, તા. ૧૯

વૈશ્વિક કોરોના મહામારી વિરુદ્ધ ભારતમાં ૧૬મી જાન્યુઆરીથી દેશવ્યાપી રસીરકણ અભિયાન છેડવામાં આવ્યુ હતું. કેન્દ્ર સરકારે રસીકરણના પહેલા તબક્કામાં સ્વાસ્થ કર્મચારીઓ, ફ્રન્ટ લાઈન વર્કર્સ સહિત ૩૦ કરોડ લોકોને ફ્રી વેક્સીન લગાવવાનો લક્ષ નક્કી કર્યો હતો. આ વિશે માહિતી આપતાં મંગળવારે સ્વાસ્થ મંત્રાલયે જણાવ્યું કે, અત્યાર સુધી દેશમાં ૪,૫૪,૦૦૦થી વધુ લોકોને કોરોના વાયરસ સામે રસી લગાવવામાં આવી હતી.

આ સંદર્ભે વિગતવાર માહિતી આપતાં હેલ્થ સેક્રેટરી રાજેશ ભૂષણે કહ્યુ કે, દેશમાં કુલ ૪,૫૪,૦૪૯ લોકોને રસી લગાવવામાં આવી છે. જ્યારે રસીકરણના પહેલા દિવસે વિશ્વમાં સૌથી વધુ રસી ભારતમાં લગાવવામાં આવી હતી. આ માટે દેશમાં ૩૫૦૦ રસીકરણ કેન્દ્રો સક્રિય છે. રાજેશ ભૂષણે જણાવ્યું કે રસીકરણના પહેલા દિવસે લક્ષદ્વીપ, સિક્કિમ, ઓડિશા, અંડમાન-નિકોબાર દ્વીપ, તેલંગાણા, દાદરા નાગર હવેલી, અરુણાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં પહેલેથી નક્કી કરાયેલા લક્ષથી અનેકગણા વધુ લોકોને રસી લગાવવામાં આવી હતી.

આ સિવાય તમિલનાડુ, પુડુચેરી અને પંજાબમાં ૪૦ ટકાથી ઓછુ રસીકરણ થયુ હતુ જે માટે રાજ્યના સંકલિત અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી રહી છે. ગોવા, હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં અઠવાડિયામાં ૨ દિવસ રસીકરણ કરવામાં આવી રહ્યું છે.

વેક્સીનની સાઇડ ઈફેક્ટને લઈને હેલ્થ સેક્રેટરીએ માહિતી આપી હતી કે, દેશમાં માત્ર ૦.૧૮ ટકા લોકોને રસી લાગ્યા બાદ સાઇડ ઈફેક્ટ થઈ હતી અને ૦.૦૦૨ ટકા લોકોને હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવા પડ્યા હતા. રાજેશ ભૂષણે ખાતરી આપી હતી કે રસીકરણ પછી પેદા થતી પરિસ્થિતિને પહોંચી વળવા માટે કેન્દ્ર પૂર્વ તૈયારી કરી ચૂક્યુ છે.

પરેડમાં રાફેલ પ્રથમ વખત ભાગ લેશે, મહિલા પ્રથમવાર ફાઈટર પ્લેન ઉડાવશે

ન્યુ દિલ્હી,તા.૧૯

રાજધાની દિલ્હીમાં યોજાનાર રિપબ્લિક ડેની પરેડ આ વખતે ઐતિહાસિક હશે. ભારતીય વાયુસેનાની ઝાંકીમાં મહિલા સશક્તિકરણનો સંદેશ આપવામાં આવશે, કારણ કે પ્રથમ વખત કોઈ મહિલા ફાઈટર પાયલોટ તેમાં ભાગ લેશે.

આ ગૌરવ પ્રાપ્ત કરનારી ફ્લાઈટ લેફ્ટિનેન્ટ ભાવના કાંત દેશની પ્રથમ મહિલા ફાઈટર પાયલોટોમાંથી એક છે. એરફોર્સની ઝાંકીમાં ફાઈટર વિમાન, ફાઈટર હેલિકૉપ્ટર અને સુખોરી ફાઈટર વિમાન સામેલ થશે. હાલ ભાવના રાજસ્થાનના એક એરબેઝ પર તૈનાત છે. જ્યાં તે મિગ-૨૧ ફાઈટર વિમાન ઉડાવે છે.

આ અંગે ભાવનાના પિતા તેજ નારાયણે જણાવ્યું કે, મને મારી પુત્રી પર ગર્વ છે. દીકરીઓને નજરઅંદાજ ના કરવી જોઈએ. તેમને તક આપવામાં આવે, તો તે ચોક્કસ મોટી ઉપલબ્ધિ પ્રાપ્ત કરે છે.

ભાવના મૂળ બિહારના દરભંગા જિલ્લાની રહેવાસી છે. ભાવના કાંત ૨૦૧૬માં ફાઈટર પાયલોટ તરીકે એરફોર્સમાં સામેલ થઈ હતી. વર્ષ ૨૦૨૦માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ભાવનાને નારી શક્તિ પુરસ્કારથી સમ્માનિક કરી હતી. ભાવનાએ જણાવ્યું કે, હું નાનપણથી ટીવી પર રિપબ્લિક ડેની પરેડ જોતી આવી છું અને હવે તેનો ભાગ બનવું મારા માટે સમ્માનની વાત છે.

ચીન અને WHO કોરોનાને સમયસર નિયંત્રિત કરી શક્યા હોત : પેનલ

સ્વતંત્ર પેનલ ફોર પેન્ડેમિક પ્રિપેયર્ડનેસ એન્ડ રિસ્પોન્સનો અભિપ્રાય : તપાસ ટીમના જણાવ્યા મુજબ, આ મહામારીને મોટાભાગે છુપાવવામાં આવી હતી, જેના કારણે જ કોરોના વાયરસ આખી દુનિયામાં ફેલાયો છે

જિનેવા,તા.૧૯

ચીન અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન જો ઈચ્છે તો કોરોના વાયરસને સમયસર નિયંત્રિત કરી શક્યા હોત. આ સ્વતંત્ર પેનલ ફોર પેન્ડેમિક પ્રિપેયર્ડનેસ એન્ડ રિસ્પોન્સનું કહેવું છે. પોતાના બીજા રિપોર્ટમાં આઈપીપીઆરએ જણાવ્યું છે કે શરૂઆતમાં કોરોનાને ફેલાતા અટકાવવા કેટલાક પગલા લઈ શકાયા હોત. તપાસ ટીમના જણાવ્યા મુજબ, આ આઉટબ્રેકને મોટાભાગે છુપાવવામાં આવ્યો, જેના કારણે વાયરસ આખી દુનિયામાં ફેલાયો છે. આ રિપોર્ટમાં સ્પષ્ટ થયું છે કે, દુનિયામાં કોરોના મહામારી ફેલાવવા માટે ચીન એકલું દોષી નથી, ડબ્લ્યુએચઓએ પણ તેમાં આડકતરી રીતે ભાગીદારી કરી છે. તપાસકર્તાઓનું કહેવું છે કે, મહામારીને છુપાવવાના કારણે આજે તે દુનિયાભરમાં ફેલાઈ છે. પ્રારંભિક કેસની સ્ટડીથી સંકેત મળ્યા છે કે, તેને રોકવા માટે પહેલાથી પગલા લેવામાં આવી શક્યાં હોત. રિપોર્ટ અનુસાર, પેનલને જાણવા મળ્યું છે કે, ચીનના સ્થાનિક અને રાષ્ટ્રિય સ્વાસ્થ્ય પ્રશાસન જાન્યુઆરીમાં જ ઝડપથી અને ગંભીરતાથી પગલા લઈ શકતા હતા. તપાસ પેનલે મહામારીની શરૂઆતમાં ડબ્લ્યુએચઓની લાલીયાવાડીની ટીકા કરી છે. તેમનું કહેવું છે કે, ડબ્લ્યુએચઓએ ૨૨ જાન્યુઆરી સુધીમાં તાત્કાલીક બેઠક યોજી નહીં અને આઉટબ્રેકને ઈમરજન્સી જાહેર કરવામાં વધુ સમય લીધો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ડબ્લ્યુએચઓએ આ કેમ કર્યું તે સ્પષ્ટ નથી થયું. આ તપાસ રિપોર્ટ બાદ ચીન અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન બંને કઠેડામાં ઘેરાયા છે. ચીન પર જ્યાં કોરોના ફેલાવવાનો આરોપ છે, ત્યારે ડબ્લ્યુએચઓ પર ચીનની કામગીરીને આવરી લેવાનો આરોપ છે. જો કે, આ વાત અલગ છે કે, બંને જ આ આરોપોને નકારી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળમાં અમેરિકાએ કોરોનાને લઈને ચીન અને ડબ્લ્યુએરઓ પ્રતિ સખ્તાઈ વર્તી હતી.

સંસદની કેન્ટિનમાં સાંસદોને ભોજન પર સબસિડી નહીં મળે

લોકસભાના સ્પિકરની જાહેરાત : સબસિડી ખતમ કરવાથી વાર્ષિક ૮ કરોડ રુપિયાની બચત

નવી દિલ્હી, તા. ૧૯

સંસદની કેન્ટિનમાં સાંસદોને ભોજન પર મળતી સબસિડી પર રોક લગાવી દેવામાં આવી છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ મંગળવારે જણાવ્યું કે, સંસદની કેન્ટિનમાં સાંસદોને ભોજન પર મળતી સબસિડી હવેથી નહીં મળે. જોકે તેમણે સાંસદોને ભોજન પર મળી રહેલી સબસિડીને ખતમ કરવા પાછળના કારણો વિશે માહિતી આપી ન હતી. આ સિવાય ઉત્તર રેલવેના સ્થાને આઈટીડીસી સંસદની કેન્ટિન્સનું સંચાલન કરશે.

જોકે એવુ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે, સબસિડી ખતમ કરવાથી લોકસભા સચિવાલયને વાર્ષિક ૮ કરોડ રુપિયાની બચત થશે.

તેમણે એમ પણ જણાવ્યું કે સંસદનું બજેટ સત્ર ૨૯મી જાન્યુઆરીથી શરુ થશે. જે દરમિયાન રાજ્યસભાની કાર્યવાહી સવાર ૯થી બપોરે ૨ વાગ્યા સુધી ચાલશે. જ્યારે લોકસભાની કાર્યવાહી સાંજે ૪ વાગ્યાથી રાતે ૮ વાગ્યા સુધી ચાલશે. આ દરમિયાન શૂન્યકાળ અને પ્રશ્નકાળનું આયોજન કરવામાં આવશે.

ચારધામ યાત્રા

પ્રવાસ : મે-જુન-સપ્ટેમ્બર-ઓક્ટોમ્બર-૨૦૨૧

By Plain Rs.22000/-* | દિવસ ૧૩/૧૪ | By Train Rs.18000/-*

યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રિનાથ, હરીદ્વાર, ઋષિકેશ, દહેરાદુન, ચોપટા

રહેવા - જમવા તેમજ એર ટીકીટ - ટ્રેન ટીકીટ સાથે

અમી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ M. 96246 39750

FIGHT CORONA M. 90998 72551

સેનેટાઈઝ સર્વિસ

ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ

૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.